**DATE: 10/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**



# ભરૂચમાં જય જોહાર અને જય આદિવાસીનો ગગનભેદી નાદ

**રાજપારડી,** ઝઘડિયા, નેત્રંગ, અંકલેશ્વર, ઝાડેશ્વર અને વાલિયામાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી

**ભરૂચમાં ભાજપની ભવ્ય રેલીથી ચક્કાજામ**

જય આદિવાસીના નારા સાથે ઝાડેશ્વરથી વાજતે ગાજતે શરૂ થયેલ આદિવાસી રેલી તવરા, કડોદ, શુકલતીર્થ, નિકોરા સહિત ભરૂચ તાલુકાના પૂર્વ પટ્ટીના ગામોમાં ૧૨ કિલોમીટર સુધી ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના આગેવાનો અને લોકો જોડાયા હતા. રેલીને પગલે ઝાડેશ્વર રોડ, ચોકડી અને હાઈવે ઉપર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો.

ભરૂચ, ઝઘડિયા, અંકલેશ્વર, નેત્રંગ: ભરૂચમાં જય જોહાર અને જય આદિવાસીનો ગગનભેદી નાદ ગૂંજ્યો હતો. વિશ્વ આદિવાસી દિવસની ભરૂચ જિલ્લા કક્ષાની ઉજવણી નેત્રંગ સ્વામીનારાયણ મંદિર સંકુલ ખાતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં થઈ હતી.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભરૂચ જિલ્લામાં કુલ રૂ.૧૮ કરોડના ખાતમુહૂર્ત અને વ્યક્તિગત લાભાર્થીઓને જુદી જુદી યોજના હેઠળ લાભ આપવામાં આવ્યા હતા. તેમજ ભરૂચ સહિત રાજપારડી, ઝઘડિયા, નેત્રંગ, અંકલેશ્વર, ઝાડેશ્વર અને વાલિયામાં આદિવાસી સમાજ પોતાની સાંસ્કૃતિક પરંપરા સાથે ઉજવણી કરી હતી.

**DATE: 10/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### પાંજરોલી ગામેથી બાઈક રેલી યોજાઈ

# હાંસોટ તાલુકામાં આદિવાસી દિવસ નિમિત્તે રેલી યોજાઈ



હાંસોટ : આજરોજ હાંસોટ તાલુકામાં વિશ્વ આદિવાસી દિવસ નિમિતે પોતાના સાંસ્કૃતિક વેશભૂષા મૂળભૂત પોષાકમાં તીર કામઠા સાથે બાઈક રેલી કાઢવામાં આવી હતી. હાંસોટ તાલુકાના પાંજરોલી ગામેથી બાઈક રેલી નીકળી સાહોલ થઈ હાંસોટ અને હાંસોટ થી પાંજરોલી સુધી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું દરમિયાન જીલ્લા પંચાયત સદસ્ય તથા તાલુકા પંચાયત સદસ્યો તથા ભાજપના કાર્યકરો દ્વારા હાંસોટ તાલુકા પંચાયત કચેરી ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હાંસોટ પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને શાંતિ પૂર્ણ વાતાવરણમાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

**DATE: 10/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ગાંધીનગર ખાતે પોલીસ વિભાગદ્વારા યોજાનાર શૌર્યનો રંગ ખાખી કાર્યક્રમ અંતર્ગત એવોર્ડ મળશે

# પીઆઈ વી. યુ. ગડરીયાને બેસ્ટ ઇન્વેસ્ટિગેશન એવોર્ડ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પીઆઈ વી.યુ. ગડરીયાને બેસ્ટ ઇન્વેસ્ટીગેશન પીઆઈ એવોર્ડ એનાયત થશે. ગાંધીનગર ખાતે પોલીસ વિભાગ દ્વારા યોજાનાર શૌર્યનો રંગ ખાખી કાર્યક્રમ અંતર્ગત એવોર્ડ મળશે. સુરત પુણા પોલીસ મથકમાં ફરજ દરમિયાન 2022માં માત્ર 5 કલાકમાં 3 વર્ષીય બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ બાદ હત્યા કરનારને ઝડપી પાડ્યો હતો. માત્ર 15 દિવસમાં સજજડ પુરાવા અને સાક્ષી રજુ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ



કરતાં માત્ર 90 દિવસમાં કોર્ટે ફાંસીનો હુકમ કર્યો હતો.

અંકલેશ્વર નવા રચાયેલા બી ડિવિઝન પોલીસ મથકના પ્રથમ પીઆઈ એવા પીઆઈ વી.યુ. ગડરિયાને ગાંધીનગર ખાતે પોલીસ વિભાગ આયોજિત શૌર્યનો રંગ ખાખી અંતર્ગત બેસ્ટ ઇન્વેસ્ટીગેશન અધિકારી તરીકેના એવોર્ડ માટે નોમિનેટ થયા બાદ એવોર્ડ આપવામાં આવી રહ્યો છે. અંકલેશ્વર પૂર્વે સુરત ખાતે પુણા પોલીસ મથકમાં તેઓ પી.આઈ. તરીકે ફરજ પર હતા તે દરમિયાન 2022માં ફૂટપાથ પરથી રાત્રીના 3 વર્ષીય બાળકી ગાયબ થઈ ગઈ હતી. જે અંગે રાત્રીના 1 વાગ્યે જાન થતા જ પી.આઈ. વી.યુ. ગડરિયાએ તેમની ટીમ સાથે તપાસ શરૂ કરી સીસીટીવી ફૂટેજ મેળવી આજુબાજુ વિસ્તાર ખૂંદી કાઢ્યો હતો. અને સીસીટીવીના આધારે વહેલી સવારે 6 વાગ્યામાં રાકમંદને ઝડપી પાડ્યો હતો. જેને ઉલટ તપાસ કરતા બાળકી જોડે બદકામ પર પાડી બાળકીની હત્યા કરી જમીનમાં દાટી દીધી હોવાની કબૂલાત કરી હતી.

ત્વરિત અસરથી પીઆઈ વી.યુ. ગડરિયા દ્વારા ગુનો દાખલ કરી એફ.એસ.એલની મદદથી કેસ મેપિંગ તેમજ ગેટ જેવી પ્રક્રિયા કરી હતી. તેમજ સીસીટીવી સહીતના તપાસના સાક્ષીઓ તેમજ સાહેદો મેળવી માત્ર 15 દિવસમાં જ ચાર્જશીટ સજજડ પુરાવા સાથે કોર્ટમાં રજૂ કરી દીધી હતી. ચાર્જશીટ રજૂ થતા જ માત્ર 90 દિવસમાં સજજડ પુરાવા તેમજ પોલીસ ચાર્જશીટ અને કેશના ઇન્વેસ્ટિગેશનમાં મળેલા પુરાવા આધારે નરાધમ ઈસમને ફાંસીની સજા થઇ હતી. જે સુરત પુણા પીઆઈ તરીકે બેસ્ટ ઇન્વેસ્ટીગેશન સીટી પોલીસ તરીકે નોમિનેશન કરાયું હતું. જે નોમિનેશન આધારે એવોર્ડની જાહેર થતા 9મી ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે શૌર્યનો રંગ ખાખી અંતર્ગત એવોર્ડ એનાયત કરવામાં આવશે.

**DATE: 10/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### હરાજીમાં બોલી બોલાતાં આખરે 6.52 લાખ રૂપિયા ઉપજ્યાં

# અંકલેશ્વરના 3 પોલીસ મથકમાં જપ્ત કરાયેલી 160 બાઈકની હરાજી થઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ત્રણ પોલીસ મથક માં વિવિધ ગુનામાં જપ્ત કરેલ 160 બાઈક ની હરાજી યોજાઈ હતી. શહેર એ ડિવિઝન પોલીસ ની 50, રૂરલ પોલીસ મથક ની 31 અને જીઆઈડીસી પોલીસ મથક ની 79 બાઈક હરજાઈ માં 6.52 લાખ રૂપિયા ઉપજ્યા હતા. જીઆઈડીસી ગોકુલ પાર્ટી પ્લોટ ખાતે વાહનોની હરાજી કરાઈ હતી.



ભરૂચ જિલ્લા એસપી મયુર ચાવડા ના માર્ગદર્શન હેઠળ જુદા-જુદા ગુના માં તેમજ એમ.વી. એક્ટ કલમ 207 મુજબ તેમજ બિનવારસી હાલતમાં જપ્ત કરેલા વાહન જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી નિકાલ કરવા માટે હરાજી અંકલેશ્વર ગોકુલ પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવી હતી. આઈ.પી.એસ લોકેશ યાદવ તેમજ અંકલેશ્વર ડી.વાય.એસ.પી ચિરાગ દેસાઈ ની અધ્યક્ષતા માં યોજવામાં આવેલ 160 બાઈક ની હરાજી યોજાઈ હતી જેમાં અંકલેશ્વર એ .ડિવિઝન પોલીસ મથક ની 50 વાહનો ના 1.80 લાખ રૂપિયા , રૂરલ પોલીસ મથકના 31 વાહનો ના 1.21 લાખ રૂપિયા અને જી.આઈ.ડી.સી પોલીસ મથક ના 79 વાહનો ના 3.51 લાખ ની ઉચ્ચ બોલી સાથે હરાજી કરાઈ હતી.

**DATE: 10/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### શહીદ થયેલા કર્મીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી

# અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા પંચ પ્રાણ પ્રતિજ્ઞા કાર્યક્રમ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર જી આઈ ડી પોલીસ દ્વારા પંચ પ્રાણ પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જવાનો દ્વારા હાથ માં દીવડા લઈ 5 મુદ્દા આધારિત પ્રતિજ્ઞા લીધી હતી. પ્રતિજ્ઞા સાથે સેલ્ફી લઈ મેરી માટી મેરા દેશ અભિયાન નો પ્રારંભ કર્યો હતો.

'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત પંચાયત સ્તરે 'મિટ્ટી ઓફ ધ મધરલેન્ડ' કાર્યક્રમ અંકલેશ્વર જી આર ડી જવાનો દ્વારા વી ટી કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. પોતાની ફરજ દરમિયાન શહીદ થયેલા કર્મીઓને આ શિલાફલકમ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન પંચ પ્રાણ ની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પ્રતિજ્ઞા હાથમાં માટીના દીવડા લઈને લીધી હતી.

**DATE: 10/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચની મંગલદીપ સોસા.માં ચોરી કરી હતી

# મંદિરમાંથી ચોરી કરનારો ગણતરીના કલાકમાં ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નંદેલાવ રોડ પર આવેલી મંગલદિપ સોસાયટીના ઉપપ્રમુખ જિતેન્દ્ર પ્રજાપતિએ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, 5મી ઓગષ્ટની રાત્રે સોસાયટીમાં આવેલાં શિવમંદિરમાં તસ્કરે પ્રવેશ કરી દાનપેટી તોડી રૂપિયાની ચોરી કરી ગયો હતો. બીજા દિવસે ચોરીની જાણ થતાં તેમણે સીસીટીવી કેમેરા તપાસતાં તેમાં ચોરી કરનાર શખ્સ તેમાં કંડેરાઇ ગયો હતો. જેના આધારે તેમણે એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ કરતાં આરોપી ભરૂચના શક્તિનાથ ગરનાળા પાસેની ઝૂપડપટ્ટીમાં રહેતો રાકેશ બચુ મેરા હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે તેની ધરપકડ કરી તપાસ કરતાં તેની સામે 4 ગુનાઓ નોંધાયાં હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે તેના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 11/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### બી ડિવિઝન પોલીસની ટીમે કાર્યવાહી કરી

# અંકલેશ્વરમાં દુકાનમાં ગેસ રિફિલિંગ કરનાર ઝડપાયો



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વર ના ગડખોલ પાટિયા પાસે મહેન્દ્ર નગર માં એક દુકાન માંથી બી ડિવિઝન પોલીસે ગેરકાયદેસર ગેસ રિફિલિંગ કરતા એક શખ્સ ને ઝડપી પાડ્યો હતો.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંક્લેશ્વર બી ડિવિઝન પોલીસ ને ગડખોલ પાટિયા વિસ્તારમાં ચંડાલ ચોકડી નજીક આવેલ મહેન્દ્ર નગર માં ઉદય કુલદીપ મંડલ નામનો શખ્સ પોતાની દુકાન માં ગેરકાયદેસર ગેસ રિફિલિંગ કરી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા ત્રણ નંગ ગેસ ભરેલ નાની મોટી બોટલો મળી આવી હતી પોલીસે ઉદય મંડલ ની અટકાયત કરી ત્રણ નંગ ગેસ ની બોટલ ,વજન કાંટો અને રીફીલીંગ પાઈપ મળી રૂપિયા 7400 નો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 11/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

## ભરૂચ એલસીબીની ટીમે રેડ પાડી હતી

# વટારીયા ગામમાં આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

ભરૂચ એલસીબીએ બાતમીના આધારે વાલીયા તાલુકાના વટારીયા ગામમાં આંકડો રમાડતા એક ખેલીને ત્યાં દરોડો પાડીને તેને રંગેહાથ આંકડો લખતા ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી 20 હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ભરૂચના નવનિયુક્ત ડીએસપી મયુર ચાવડાએ જીલ્લામાં પ્રોહીબિશન,જુગાર,જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે ,અસામાજીક પ્રવૃતિઓ સદંતર બંધ કરવા તેમની દરેક ટીમને કામે લગાડ્યા છે આ દુષણ ડામવા અંતર્ગત ભરૂચ એલસીબી પીઆઈ ઉત્સવ બારોટએ પીએસઆઈ આર.કે.ટોરાણીની ટીમને આદેશ કરી વાલીયા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે અરસામાં બાતમીના આધારે વટારીયા ગામના ઈન્દીરા કોલોનીમાં મનિષ વસાવા ઉ.વ.23 રહે ઈન્દીરા કોલોની આંકડો લખતો હોય તેને રંગેહાથ ઝડપી પાડી અંગ ઝડતીના રોકડા 10 હજાર એક મોબાઈલ 10 હજાર અને આંકડા લખવાનું સાહિત્ય મળી કુલ 20 હજારના મુદામાલ સાથે મનિષ વસાવાની ધરપકડ કરી જુગાર ધારાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથધરી છે.



**DATE: 11/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બી ડિવિઝન પોલીસે વારંવાર લારીઓ હટાવવા સૂચના આપી હતી

# પ્રતિન ચોકડી પાસે ટ્રાફિકને અડચણરૂપ 12 થી વધુ લારીઓવાળા સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ની પ્રતિન ચોકડી વિસ્તાર માં માર્ગો ઉપર ટ્રાફિક ને અડચણ રૂપ લારી વાળા ને બી ડિવિઝન પોલીસે વારંવાર લારીઓ હટાવવાની સૂચના આપવા છતાં પણ લારીઓ ટ્રાફિકને અડચણરૂપ મુક્તા 12 થી વધુ લારીઓ વાળા ની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે .



અંકલેશ્વર ની પ્રતિન ચોકડી વિસ્તાર ના ભરચક માર્ગો પર નાના મોટા વાહનો ની અવરજવર વધુ રહે છે ,ત્યારે ફ્રૂટ સહીત ના લારી ધારકો મુખ્ય માર્ગ ને અડી ને લારીઓ મૂકી દેતા હોય છે જેને લીધે વાહનો ની અવરજવર અને પાર્કિંગ માટે મુશ્કેલી પડે છે ત્યારે બી ડિવિઝન પોલીસે વારંવાર લારી ધારકો ને લારીઓ મુખ્ય માર્ગ થી દૂર હટાવવા બાબતે સૂચનો આપી હતી ,છતાં પણ લારી ધારકો માર્ગો ને અડી ને આડેધડ લારીઓ મૂકી દેતા પાર્કિંગ ની પણ જગ્યા નહિ રહેતા તમામ ની અટકાયત કરી હતી.

**DATE: 11/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### દહેજ પોલીસની ટીમે દુકાન સંચાલકની ધરપકડ કરી

# જોલવા ગામે ગેસ ગેરકાયદે રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ પાસે આવેલાં જોલવા ગામે પીરૂજી ગેસ નામની દુકાનમાં ગેરકાયદે રીતે કોમર્શિયલ ગેસના બોટલમાંથી નાની બોટલોમાં ગેસ ભરી આપવાનું કૌભાંડ આચરતાં દુકાન સંચાલકને દહેજ પોલીસે ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી કુલ 5600નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દહેજ પોલીસ મથકમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ સેતાનસિહને ચોક્કસ બાતમી મળી હતી કે, જોલવા ગામે ગોકુલ રેસિડન્સીમાં આવેલી આવેલી પીરૂજી ગેસ નામની દુકાન ધરાવતો કમલેશ નારાયણલાલ કલાલ ગેરકાયદે રીતે ગેસના બોટલ રીફિલિંગ કરવાનું કૌભાંડ આચરી રહ્યો છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં દુકાનમાં કમલેશ એક 19 કિલોના ભારત ગેસ કંપનીના કોમર્સિયલ ગેસના બોટલમાંથી 5 કિલો વાળી નાની બોટલમાં ગેસ રીફિલિંગ કરી રહ્યો હતો. જેના પગલે ટીમે સ્થળ પરથી અલગ અલગ બોટલ, વજન કાંટ સહિતનો કુલ 5600ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવને પગલે દહેજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–02**

# નબીપુર પોલીસે પોસ્કોના આરોપીને ઝડપી પાડ્યો

। ભરૂચ ।

નબીપુર પંથકમાં પોસ્કોનો ગુનો બન્યો હતો. આ પોસ્કોના ગુના અંગે ગણતરીના સમયમાં આરોપીને ઝડપી પાડયો હતો જે અંગે વિગતે જોતા આરોપી રાહુલ મહેશ વસાવા, રહે. ડભાલી ગામ, તા.ભરૂચ એ ભોગ બનનાર સગીરા સાથે પ્રેમસંબંધ બાંધી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લઈ ભોગ બનનાર બાલીકા સાથે મરજી વિરૂધ્ધ અવારનવાર શારિરીક સંબંધ બનાવી સગીરાને ગર્ભવતી બનાવી હતી જેના પરિણામ બાલીકાએ તા.૨ જુલાઈ ૨૩ ના રોજ પુત્રીને જન્મ આપ્યો હતો. આ અંગે ઉપલા અધિકારીઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે.એમ.ચૌધરીએ અલગ અલગ ટીમ બનાવી ફરાર આરોપીને શોધી કાઢવા માટે પ્રયાસ કર્યો હતો.

તેમાં પણ પીએસઆઈ કે.એમ. ચૌધરી ખુબ સમય સુચકતા અને મળેલ બાતમીની લીંક શોધીને તપાસ કરતા ફરાર આરોપી રાહુલ મહેશ વસાવાને ઝડપી પાડયો હતો. આ અંગે વધુ તપાસ નબીપુર પોલીસ કરી રહી છે.

**DATE: 11/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–04**

# કાપોદ્રા ગામમાં થયેલી ચોરીના ત્રણ આરોપી ગોધરાથી ઝડપાયા

અંકલેશ્વર તા.૧૦

અંકલેશ્વરના કાપોદ્રા ગામની અયોધ્યાપુરમ સોસાયટીમાં ગત મે માસમાં સમી સાંજે નોકરિયાત દંપતીના બંધ મકાનમાં થયેલી અંદાજે રૂ.૧.૯૩ લાખના મુદ્દામાલ ચોરીના ગુના સંદર્ભે તાલુકા પોલીસે ત્રણ આરોપીઓનો કબ્જો ગોધરા પોલીસ પાસેથી મેળવ્યો હતો.

## અંકલેશ્વર પોલીસે ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવ્યો

ગત તા.૭/૫/૨૦૨૩ ના રોજ કાપોદ્રા ગામની અયોધ્યાપુરમ સોસાયટીમાં રહેતા મુકેશકુમાર મિશ્રા અને તેમની પત્નિ મમતાદેવી નોકરી ઉપરથી પરત ઘરે આવ્યા બાદ શાકભાજી ખરીદવા માર્કેટ ગયા હતા તે દરમ્યાન તેમના મકાનના દરવાજાનો નકુચો તોડી તસ્કરો એ રોકડ સહિત સોના ચાંદીના ઘરેણા મળી અંદાજે રૂ.૧.૯૩ લાખના મુદામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

આ અંગેનો ગુનો તાલુકા પોલીસે નોંધી તપાસ હાથ ધરી હતી.દરમ્યાન ગોધરા એલસીબી પોલીસે અન્ય ગુનામાં ત્રણ જેટલા રીઢા ચોરોને ઝડપી પૂછપરછ હાથ ધરતા તેઓએ અંકલેશ્વરમાં અયોધ્યાપુરમ સોસાયટીમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આ અંગે ગોધરા પોલીસે અંકલેશ્વર તાલુકા પોલીસને જાણ કરતા ટ્રાન્સફર વોરંટ થી દાહોદ જિલ્લાના ગરબાડાના રહીશ એવા નવીન વજેસીંગ કટારા,પ્રવીણ ઉર્ફે પરી મયુરભાઈ પલાશ,અજય બાબુ માવીનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભરૂચના મહંમદપુરા સર્કલ પાસે મોબાઈલ ઉપર જુગાર રમાડનાર ઝડપાયા

ભરૂચઃ ભરૂચ LCBની ટીમ ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે મહંમદપુરા સર્કલ પાસે ૩ ઈસમ કાળા કલરની પલ્સર બાઈક ઉપર બેસી વરલી મટકાનો આંકડાનો જુગાર રમાડે છે એવી બાતમી મળી હતી. મોબાઈલથી જુગાર રમતા-રમાડતા ત્રણ ઈસમ ઈન્તેખા આલમ નાગોરી (રહે.,નાગોરીવાડ, ભરૂચ) તથા અવિનાશ રણછોડ વસાવા અને વિશાલ દિનેશ વસાવા (બંને રહે., લીમડીચોક, ભરૂચ)ને ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓ પાસેથી રોકડા રૂ.૧૨,૦૪૦, 1· મોબાઈલ કિં.રૂ. ૫,૦૦૦ તથા બાઈક કિં. રૂ. ૪૦,૦૦૦ મળી કુલ કિં. રૂ.૫૭,૦૪૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો. આ ગુનામાં ૪ આરોપીને વોન્ટેડ જાહેર કરાયા હતા.

**DATE: 12/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ એલસીબીની ટીમે રેડ પાડી હતી

# પીરામણ નાકે મોબાઈલમાં જુગાર રમાડતો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર ના પીરામણ નાકા પાસે આવેલ શૌચાલય નજીક થી ભરૂચ એલસીબી પોલીસે મોબાઈલ માં આંકડા નો જુગાર રમતા એક શખ્સ ને ઝડપી પાડી કુલ રૂપિયા 22.430 નો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સ ને વોન્ટેડ જાહેર કર્યો છે.

ભરૂચ એલસીબી પોલીસ ની ટિમ ને અંકલેશ્વર માં પેટ્રોલિંગ દરમિયાન પીરામણ નાકા નજીક આવેલ શૌચાલય પાસે એક શખ્સ મોબાઈલ માં આંકડા નો જુગાર રમી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે તપાસ કરતા તાડફળીયા માં રહેતા સાદિક ગુલામ મહંમદ શેખ ને ઝડપી પાડ્યો હતો પોલીસે તેમની પાસેથી રોકડા રૂપિયા 17430 અને 5 હજારનો મોબાઈલ મળી કુલ રૂપિયા 22.430 નો મુદ્દામાલ કબ્જે કરી ફેઝ પાર્ક માં રહેતા શાહરુખ નામ ના શખ્સ ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુદ્ધ શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી

**DATE: 12/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચની નર્મદા ડેરી પાસેથી પશુઓને ભરી મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઇ જવાના હતાં

# અંકલેશ્વરના બે જાગૃત નાગરિકોએ શંકાના આધારે ટ્રક રોકી, 15 પશુને બચાવી લેવાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં રહેતા અંકિત પુરોહિત અને રાજકુમાર પટેલ પોતાના કામથી જયાબેન મોદી હોસ્પિટલ નજીક ઉભા હતા.તે સમયે એક ટ્રક વાલા તરફ જઈ રહી હતી.

જેની ઉપર પ્લાસ્ટિક મારેલા અને પાટિયા ફિટ કર્યા હતાં.જેથી આ બંને ઇસમોની શંકા જતાં તેની પાછળ જઈને ટ્રક ને સાઈડ પર ઊભી રખાવી તેમાં તપાસ કરતા ટ્રકમાં 15 ભેંસ ખીચોખીચ ભરી હતી .જેની જાણ અંકિત અને રાજકુમારી જીઆઇડીસી પોલીસ મથકે કરતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ટ્રક ને પોલીસ મથક લઈ આવી પુછપરછ કરતા ટ્રક ચાલક અયાઝ ઝાકીર હુસેન દાદ મોહમદ મકરાણી અને ભરૂચ નાગોરીવાડ નો તોસિફ આદમ ઈસ્માઈલ પટેલ હોવાનું જાણવા મળ્યું હતું.

તેમની પાસે જરૂરી દસ્તાવેજો માગતા તેઓ રજુ ન કરતા ત્રણેય ની અટકાયત કરી .આ ભેંસ અંગે પૂછપરછ કરતા તેમણે ભરૂચની નર્મદા ડેરી પાસેથી પારખેત ના વાહીદ નામના ઇસમે ભરાવી ધુલિયા મહારાષ્ટ્ર આપવાનું જણાવ્યું હતું.જેથી જીઆઇડીસી પોલીસે 15 ભેંસો કિંમત રૂ.3 લાખ અને ટ્રકની કિંમત રૂ.5 લાખ અને બે મોબાઈલ કિંમત રૂ.10 હજાર મળીને કુલ રૂ.8.10 લાખનો મુદ્દામાલ કબ્જે કરીને વાહીદ નામના ઇસમને વોન્ટેડ જાહેર કરી તેમની સામે પશુ અધિનિયમ ગેરકાયદેસર પશુની હેરાફેરી સહીત પ્રાણી ક્રૂરતા હેઠળ નો ગુનો જીઆઇડીસી પોલીસમાં નોંધ્યો હતો.

**DATE: 12/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પોસ્કોના કેસમાં 21 મહિનાથી વોન્ટેડ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ પોલીસ મથકમાં પોક્સો એક્ટ મુજબના ગુન્હાના કામનો આરોપી તથા ભોગબનનાર આમોદ તાલકાના સરભાણ ગામમા આવવાના હોય જેથી સદર ટીમ સરભાણ ગામ ખાતે જઈ ચોક્કસ બાતમી મળતા એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે આરોપી તેમજ ભોગબનનારને સરભાણ ચોકડી ખાતેથી તેના નામ ઠામની ખાતરી કરી સદર ગુન્હાના કામે છેલ્લા એકવીસ માસથી નાસતો ફરતો આરોપીને ભોગબનનાર બાલીકાને પકડી લાવ્યાં હતાં.

**DATE: 12/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ટેન્કર ઝઘડિયાની વી આર ઇન્ડસ્ટ્રિઝનું હોવાનો ઘટસ્ફોટ

# અવાદર ગામ ટેન્કરમાંથી ખાડીમાં કેમિકલ ઠાલવતાં 3 જણાં ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન પોલીસને દઢાલથી ઝઘડીયા જીઆઈડીસીમાં પેપ્સી કંપની તરફ જતા માર્ગ ઉપર પેટ્રોલ પંપ પાસે ખાડીમાં ટેન્કરમાંથી કેમિકલ વેસ્ટ ઠાલવવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે રેડ કરતા ત્રણ શખ્સોને ટેન્કરમાંથી કેમિકલ વેસ્ટ ખાડીમાં ઠાલવતા રંગે હાથ ઝડપી પાડયા હતાં.

એલસીબી પોલીસની ટીમે ત્રણ શખ્સો ની પૂછપરછ કરતા તેઓ મધ્યપ્રદેશના નાગદા ના યોગેન્દ્ર સિંહ રાજેન્દ્ર સિંહ રાજપૂત, અને ધ્રુવ મનોજ મીના તેમજ વડોદરા ના શિનોર ના અનિલ રામજીભાઈ વસાવા હોવાનું જણાવ્યું હતું એલસીબી પોલીસે ત્રણેય ની ધરપકડ કરી આ કેમિકલ વેસ્ટ અંગે વધુ પૂછપરછ કરતા મધ્યપ્રદેશ ના નાગદા ના મનોજ મીના ના કહેવાથી ઝઘડીયા જીઆઈડીસી પ્લોટ નંબર ૩૯/૩ ખાતેની વી આર ઈન્ડસ્ટ્રીઝ માંથી ભર્યું હોવાની કબૂલાત કરી હતી. એલસીબી પોલીસે આ અંગે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ની મદદ લીધી હતી.અને જીપીસીબી દ્વારા કેમિકલ વેસ્ટના નમૂના લઈને પૃથક્કરણ માટે મોકલી આપી જરૂરી તપાસ શરૂ કરી હતી.જ્યારે એફ એસ સેલ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. એલસીબી પોલીસે ટેન્કર કબ્જે કરી ત્રણેય ની ધરપકડ કરી આ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી છે.

**DATE: 13/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ભરૂચમાં શંકાસ્પદ ભંગાર જથ્થા સાથે એક ઝડપાયો



ભરૂચ: ભરૂચ SOG ભરૂચ શહેરમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે એક શંકાસ્પદ ટેમ્પો નં.(GJ-૧૬,U-૮૮૫૦)ને રોકી તેમાંથી લોખંડની પ્લેટો, પતરાં અને લોખંડનો પરચૂરણ ભંગાર કુલ વજન ૧૭૧૦ કિલોગ્રામ, કિંમત રૂ.૩૫,૬૦૦ બિલ કે આધાર પુરાવા વગર અને તેમાં પણ આર.સી. બુક અંગે પુરાવા સંતોષકારક જવાબ નહીં આપતાં ટેમ્પો કિં. રૂ.૪ લાખ મળી કુલ રૂ.૪,૩૪,૬૦૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ટેમ્પોમાં બેઠેલો સલીમ નસરુદ્દીન અમીરુદ્દીન શેખ (ઉં.વ.૫૬) (રહે., સરથાણા, તા-અંકલેશ્વર)ની અટકાયત કરી ભરૂચ સી ડિવિઝનને સોંપવામાં આવ્યો હતો.

# અંકલેશ્વરમાં છેતરપિંડીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૧૨

સુરતના ૪ શખ્સો વિરૂધ્ધ અંકલેશ્વર તાલુકા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદમાં બે વર્ષથી ફરાર આરોપીને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો.

## આરોપીની વધુ તપાસ માટે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે સોંપ્યો

અંકલેશ્વર ખાતે રહેતા ઈસમ પાસે સુરત જિલ્લાના ઝંખવાવ ગામના ૪ શખ્સો હાઈવા ટ્રક ખરીદી રૂપિયા આપ્યા ન હતા.જેથી હાઈવા ટ્રકના માલિકે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકમાં છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી.આ ગુનામાં છેલ્લા બે વર્ષથી ભાગતા ફરતા આરોપીને ભરૂચ એલસીબી પોલીસે ઝડપી પાડીને વધુ તપાસ અર્થે તાલુકા પોલીસ મથકે સોંપ્યો હતો.

અંકલેશ્વરની રાજપીપળા ચોકડી ખાતે રહેતા મુકેશ શંકરભાઈ ભોઈ પાસે એક હાઈવા ટ્રક હોય તેમાં તે રેતી, કપચીનો કાર્ટિંગનો ધંધો કરતા હતા.વર્ષ ૨૦૨૧માં ધંધામાં મંદી આવતા તેઓ પાસેથી તેમની ટ્રક સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ઝંખવાવ ગામના યાકુબ મહોમદ મુલતાની,મહોમદ આરીફ, અરબાઝ ઐયુબ પઠાણ અને ઝાકીર હુસેન મુલતાનીએ ભેગા મળીને ટ્રકનો રૂ.૧૨ લાખમાં સોદો નક્કી કરી રૂ.૩ લાખ રોકડા મુકેશ ભોઈને આપી ૯ લાખના હપ્તા ભરવાનુ નક્કી કરીને એગ્રીમેન્ટ બનાવ્યો હતો. તે બાદ આ ચારેય જણાએ હાઈવા ટ્રકના હપ્તા નહિ ભરતા તેઓએ હાઈવા ટ્રક પરત માંગતા પરત પણ નહીં આપીને 'તારાથી થાય તે કરી લે' હોવાની ધમકી આપી તેની સાથે છેતરપિંડી કરી હતી.

જે અંગેની ફરિયાદ મુકેશ ભોઈએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.ચાર આરોપીઓ પૈકી એક આરોપી છેલ્લા બે વર્ષથી પોલીસ પકડથી નાસતો ફરતો હતો. જેની ભરૂચ એલસીબી ટીમને માહિતી મળી હતી, જેના આધારે ટીમે આજ રોજ અંકલેશ્વરના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલી નવજીવન હોટલ ખાતે હાજર છે.જેના આધારે ટીમે સ્થળ પર પહોંચી આરોપી યાકુબ મહમદ મુલ્તાની રહે.મુલ્તાનીવાડ ઝંખવાવને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની સામે સી.આર.પી.સી.ની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

**DATE: 13/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVY BHASKAR PAGE–04**

### એલસીબીની ટીમે 43 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો

# દહેગામ ગામમાં ચોરીના ડીઝલનું વેચાણ કરતો એક શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીના પીએસઆઇ પી. એમ. વાળા તેમજ તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, દહેગામ ગામમાં એક શખ્સ ચોરીનું ડિઝલ વેચે છે.

જેના પગલે ટીમે મામલામાં તપાસ કરતાં તેનું નામ મોહસન ઉમરજી પોપટ (રહે. પાતાળકૂવા ફળિયુ, દહેગામ) હોવાનું માલુમ પડતાં ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમને



તેની પાસસેથી નાના-મોટા 12 કારબામાં 38 હજારથી વધુની મત્તાનું 415 લીટર ભરેલું મળી આવ્યું હતું. ટીમે તેની પાસે ડિઝલનો જથ્થો રાખવા અંગે કોઇ પાસપરમીટ છે કે કેમ તેની પુછપરછ કરતાં કાંઇ મળ્યું ન હતું. ઉપરાંત તેણે તેની પાસે ડિઝલનો જથ્થો કેવી રીતે આવ્યો તે અંગે પણ કોઇ ખાસ વિગતો નહીં આપતાં તેની ધરપકડ કરી હતી. 415 લીટર ડિઝલ તેમજ એક પાઇપ તેમજ મોબાઇલ મળી કુલ 43 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી તેણે ચોરીથી કે અન્ય કોઇ રીતે ડિઝલનો જથ્થો એકત્ર કર્યો હોવાની ઉપરાંત તેની સાથે અન્ય કોણ કોણ સંડોવાયેલું છે તેની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 13/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVY BHASKAR PAGE–04**



## પોલીસે 20 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વર શહેરમાં જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નવીનગરી વિસ્તારમાં મોબાઈલ પર વર્લી મટકા નો જુગાર રમાડતો ઈસમને ઝડપી પાડ્યો હતો.વાગલખોડ ના ઈસમે આંકડો લખી મોકલતો હતો. પોલીસે મોબાઈલ અને રોકડ મળી 20 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફ નવીનગરી વિસ્તારમાં પેટ્રોલિંગ માં હતા એ દરમિયાન ચોક્કસ માહિતી આધારે નવીનગરી ખાતે દરોડા પાડ્યા હતા જ્યાં જ્યાં મોબાઈલ પર નરેન્દ્ર રજવાડી ને મોબાઈલ પર વોટ્સએપ એપ પર વરલી મટકા નો જુગાર રમાડતો હતો મોબાઈલ પર લખી ને કલ્પેશ વાગલખોડ ને મોકલી અપાતો હતો. પોલીસે તેની પાસે થી 10 હજાર ની કિંમત નો મોબાઈલ અને 10.550 રૂપિયા રોકડા મળી કુલ 20.550 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 13/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# ચોરી કરેલી મોટર સાઈકલ સાથે ઈસમને ઝડપતી પોલીસ

| ભરૂચ |

ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ દ્વારા ચોરી કરેલ મોટર સાયકલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો. ભરૂચ શહેરમાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરાની મદદથી ચોરીમાં ગયેલ હીરોહોન્ડા બાઈકને શોધી કાઢવામાં આવી હતી તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા પણ માહિતી મળી હતી કે ચોરીમાં ગયેલ બાઈક ન્યુઆનંદ નગર મસ્જીદ સામેના રોડ ઉપરથી પસાર થનાર છે. જેની જાણ થતા જ એ.ડીવીઝન પોલીસે સમયસુચકતા વાપરી હતી અને વોચ ગોઠવી હતી. તેથી ચોરીમાં ગયેલ મોટરસાયકલ લઈ એક ઉંમરલાયક વ્યકિત પસાર થતા હતા તેને રોકીને પુછપરછ કરતા આ ઈસમ માનસિક રીતે ભાગી ગયો હતો અને મોટરસાયકલ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

ઝડપાયેલ આરોપી કાલુમહંમદભાઈ સસાવાલા, રહે. સત્કાર સોસાયટી, ભરૂચની અટક કરવામાં આવી હતી. તેમજ બાઈક કિંમત રૂ.૩૦૦૦૦ જપ્ત કરવામાં આવેલ છે. આ બનાવ અંગે પીઆઈ તેમજ પીસઆઈ એસ. બી.સરવૈયા સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી. વધુ તપાસ ભરૂચ સીટી પોલીસ કરી રહી છે.